**ટ્રાન્સપોર્ટ વાહનોમાં સ્પીડ ગર્વનર ફીટ કરવા બાબત.**

ક્રમાંક : એમવીએ/સ્પીડગર્વનર/ ૯૩૨
વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ગુજરાત રાજય,
તારીખ. -૧૨-૨૦૧૫. 6 JAN 2016

**-: પ રિ પ ત્ર :-**

**વંચાણે લીધા:-**

(૧) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક-એમવીએ- સ્પીડગર્વનર૨૨૦૬૯, તા.૧૮-૩-૨૦૧૪.
મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ, નવી દિલ્હીનાં પત્ર ક્રમાંક-આરટી-૧૧૦૨૮-૦૧-એમવીએલ, તા.૭-૫-૨૦૧૫.
(૩) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ, નવી દિલ્હીનાં નોટીફીકેશન ક્રમાંક-જીએસઆર-૨૯૦(ઇ) તા.૧૫-૪-૨૦૧૫.
(૪) મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ, નવી દિલ્હીનાં પત્ર ક્રમાંક-૧૧૦૧૭-૧૩-૨૦૧૫-એમવીએલ, તા.૨૫-૫-૨૦૧૫.
(૫) અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક-સ્પીડગર્વન-૪૮૨૦૧૫-૨૫-૬૧૦૫, તા.૧૪-૮-૨૦૧૫.
(૬) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝ નવી દિલ્હીના નોટીફીકેશન ક્રમાંક-એસઓ-૨૬૮૭(ઇ) તા.૧-૧૦-૧૫.

**આમુખ:-**

વાહન અકસ્માતનું એક મોટુ કારણ વાહનોની અનિયંત્રિત ગતિ છે. જે અન્વયે ધી સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ નાં નિયમ-૧૧૮ માં સ્પીડ ગર્વનર અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે.

હાલમાં વંચાણે લીધા-૩ થી સ્પીડ ગર્વનર ફીટ કરવા બાબતે સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ નાં નિયમ-૧૧૮ માં સુધારા કરેલ છે. જે અન્વયે વંચાણે લીધા-૫ નાં પરિપત્રથી તમામ આરટીઓ/એઆરટીઓને વિસ્તૃત સૂચનાઓ આપવામાં આવી હતી. વધુમાં ભારત સરકારના વંચાણે લીધા-૬ થી કરવામાં આવેલી જોગવાઇઓનો અમલ કરવાનો થાય છે. તેથી તમામ કચેરીઓમાં એક સુત્રતા જળવાય તે હેતુથી સ્પષ્ટતા માટ નીચે પ્રમાણે સૂચના/માર્ગદર્શન આપવામાં આવે છે. તા.૧-૧૦-૧૫ થી આ જોગવાઇઓનો અમલ કરવાનો થતો હોઇ તમામ કચેરીઓમાં એકસૂત્રતા જળવાય તે માટે સ્પષ્ટતા હેતુ માટે નીચે પ્રમાણે સૂચના/માર્ગદર્શન આપવામાં આવે છે.

**સૂચના.**

**૧. નવા વાહનો માટે:-**

પરિપત્ર ક્રમાંક-એમવીએ-સ્પીડ ગર્વનર-૪૮૨૦૧૫-૨૫-૬૧૦૫, તા.૧૪-૮-૨૦૧૫ પ્રમાણે દરેક ટ્રાન્સપોર્ટ વાહનો કે જે તા.૧-૧૦-૨૦૧૫ નાં રોજ કે ત્યારબાદ ઉત્પાદિત થયેલ હોય તેવા વાહનોમાં, મેન્યુફેકચરીંગ સ્તરે અથવા ડીલર સ્તરે વધુમાં વધુ ૮૦ કી.મી/પ્રતિ કલાક પ્રી સ્પીડ નકકી કરેલ હોય તેમજ એ.આઇ.એસ.૦૧૮/૨૦૦૧ નાં ધારાધોરણ જળવાતા હોય અને વખતો વખત તેમાં સુધારા થયેલ હોય તેવું સ્પીડ લીમીટીંગ ડીવાઇસ લગાવેલું હોવું જોઇશે.

પરંતુ નીચેના ટ્રાન્સપોર્ટ વાહનોમાં સ્પીડ ગર્વનર લગાવવું જરુરી નથી.

૧. ટુ વ્હીલર્સ.
૨. થ્રી વ્હીલર્સ.
૩. કવાડ્રીસાયકલ્સ.
૪. ચાર પૈડાવાળા પેસેન્જર અને તેના લગેજને લઇ જવા માટે ઉપયોગમાં આવતા હોય અને તેની બેઠક ક્ષમતા ૮ પેસેન્જર કરતાં વધારે ન હોય તેવા એમ કેટેગરીનાં વાહન હોય (ડ્રાઇવર સીટ ઉપરાંત) અને જીવીડબલ્યુ ૩૫૦૦ કી.ગ્રા.થી વધુ ન હોય.
૫. ફાયર ટેન્ડર્સ.

૬. એમ્બ્યુલન્સ.

૭. પોલીસ વ્હીકલ્સ.

૮. એવા વાહનો કે જેમાં અને ટેસ્ટીંગ એજન્સી ધ્વારા નિયમ-૧૨૬ મુજબ ૮૦ કી.મી./પ્રતિ કલાકથી વધુ સ્પીડ ન ધરાવતા હોય તે વેરીફાઇડ અને સર્ટીફાઇડ કરેલ હોય.

**૨.** ટ્રાન્સપોર્ટ વાહનો જેવા કે ડમ્પર્સ, ટેન્કર્સ, સ્કુલ બસીસ, ભયજનક માલનું વહન કરતા હોય અથવા એવી કેટેગરીનાં વાહનો કે જે કેન્દ્ર સરકાર ધ્વારા વખતોવખત ઓફીસીયલ ગેઝેટનાં નોટીફીકેશન ધ્વારા પ્રસિધ્ધ કરેલ હોય તેવા વાહનોમા મેન્યુ.સ્તરે કે ડીલર સ્તરે વધુમાં વધુ ૬૦ કી.મી./પ્રતિકલાકનું સ્પીડ ગર્વનર ડીવાઇસ ફીટ કરેલું હોવું જોઇશે તેમજ વખતો વખત સુધારેલું હોવું જોઇશે.

**૩.** વંચાણે લીધા-૬ થી N1 અને M2 કેટેગરીના વાહનોમાં તા.૧-૪-૨૦૧૬ અથવા નવો હુકમ થાય તેની તારીખએ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી સ્પીડ ગર્વનર ફીટમેન્ટમાંથી મુકિત છે.

* N1 કેટેગરી એટલે, - ૩.૫ ટનથી વધારે જીવીડબલ્યુ ન હોય તેવા માલવાહક વાહનો.

* M2 કેટેગરી એટલે, - મુસાફરોની હેરફેર માટે વપરાતાં ડ્રાઇવર સિવાય ૯ કે ૯ થી વધુ બેઠક ક્ષમતા ધરાવતા અને ૫ ટનથી વધુ જીવીડબલ્યુ ન હોય.

**૪.** આથી તા.૧-૧૦-૧૫ નાં રોજ કે ત્યારબાદ ઉત્પાદિત થયેલ ટ્રાન્સપોર્ટ વાહનોમાં ઉત્પાદક/ડીલર સ્તરેથી સ્પીડગર્વનર ફીટ કરેલું હોવું જોઇશે. આ બાબત આવા વાહનનાં ફીટનેશ/ રજીસ્ટ્રેશન વખતે તમામ મોટર વાહન નિરીક્ષકશ્રીઓએ સુનિશ્ચિત કરવાની રહેશે. માત્ર રજીસ્ટ્રેશન/ફીટનેશ પુરતુંજ સ્પીડ ગર્વનર લગાડી પાછળથી કાઢી નાંખવાની તથા સ્પીડ ગર્વનર ટેમ્પર કરવાની ગેરરીતી ન થાય તે માટે વારંવાર ચેકીંગ કરવા સૂચના આપવામાં આવે છે.

## ૫. <u>સ્પીડ ગર્વનર ફીટમેન્ટ માટેની પધ્ધતિ.</u>

### ૫.૧. <u>ડીલર લેવલે સ્પીડ ગર્વનરનું ફીટમેન્ટ</u> :-

:એ: ડીલર લેવલે ફીટ થતા સ્પીડ ગર્વનરની વિગત ડીલર ધ્વારા જે તે રજીસ્ટ્રીંગ ઓથોરીટીને આપવાની રહેશે.

:બી: રજીસ્ટ્રેશનની અરજી સાથે વાહન માલીક તથા સ્પીડ ગર્વનર ફીટમેન્ટ કરનાર ઉત્પાદકની સહીવાળું સ્પીડગર્વનર ફીટમેન્ટ સર્ટીફીકેટ અને સ્પીડગર્વનરનું ટાઇપ એપ્રુવલ સર્ટીફીકેટ જોડવાનું રહેશે.( સ્પીડગર્વનર ફીટમેન્ટ સર્ટીફીકેટ <u>બિડાણ-૧</u> થી સામેલ છે.)

:સી: આ દસ્તાવેજોની ચકાસણી કરી સ્પીડ ગર્વનરનો સીરીયલ નંબર ચેક કરી આજ સ્પીડ ગર્વનર ફીટ થયેલ છે કે કેમ ? તે બાબત તથા નિયમ પ્રમાણની પ્રી સેટસ્પીડ કચેરીનાં તાંત્રીક અધિકારીએ સુનિશ્ચિત કરવાની રહેશે. આ બાબત સુનિશ્ચિત થયા બાદ <u>બિડાણ-૧</u> ના સર્ટીફીકેટમાં જરુરી વેરીફીકેશન કરી સહી તાંત્રીક અધિકારીએ સહી કરવાની રહેશે. ત્યારબાદજ સ્પીડ ગર્વનરમાં રજીસ્ટ્રીંગ ઓથોરીટીનું સીલ મારવાનું રહેશે. દરેક ફીટનેશ વખતે આ બાબતની ખરાઇ કરી ફીટનેશ સર્ટીફીકેટમાં પણ આ સીરીયલ નંબર લખવાનો રહેશે અને સીલની ખરાઇ કરવાની રહેશે.

:ડી: રજીસ્ટ્રેશન વખતે સ્પીડ ગર્વનરનો સીરીયલ નંબર મેઇક, મોડેલ ફીટમેન્ટ તારીખ વાહન સોફટવેરમાં /રિકર્ડમાં <u>બિડાણ-૧</u> ના સર્ટીફીકેટના આધારે નોંધવાનો રહેશે. તથા પરમીટમાં પણ સ્પીડ ગર્વનરની મેઇક, મોડેલ સીરીયલ નંબર અને ફીટમેન્ટ તારીખ લખવાની રહેશે. જયાં સુધી સોફટવેરમાં સુધારો ન થાય ત્યાં સુધી મેન્યુઅલ રીતે રજીસ્ટર નિભાવવાનું રહેશે. આ પત્રકનો નમૂનો <u>બીડાણ-૨</u> થી સામેલ છે.

### ૫.૨. <u>ઉત્પાદક સ્તરે સ્પીડ ગર્વનરનું ફીટમેન્ટ</u> :-

:એ: ઉત્પાદક સ્તરે સ્પીડ ગર્વનર ફીટ થઇને રજીસ્ટ્રેશન માટે આવતા ટ્રાન્સપોર્ટ વાહનોમાં પણ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ સાથે સદર સ્પીડ ગર્વનરનું ટાઇપ એપ્રુવલ સર્ટીફીકેટ જોડવાનું રહેશે. તથા વાહન માલીકની સહી સાથે સ્પીડ ગર્વનર ફીટમેન્ટ સર્ટીફીકેટ (<u>બિડાણ-૧</u>) જોડવાનું રહેશે. આ સ્પીડ ગર્વનરનું ફીટમેન્ટ તથા નિયમ મુજબની પ્રીસેટ સ્પીડ કચેરીનાં તાંત્રીક અધિકારીએ સુનિશ્ચિત કરી તેની પર રજીસ્ટ્રીંગ ઓથોરીટીનું સીલ મારવાનું રહેશે. આ સ્પીડ ગર્વનરનું મેઇક મોડેલ ફીટમેન્ટ તારીખ વાહન સોફટવેરમાં /રિકર્ડમાં નોંધવાના રહેશે તથા પરમીટમાં પણ મેઇક, મોડેલ, ફીટમેન્ટ તારીખ અને સીરીયલ નંબર નોંધવાના રહેશે. તેમજ ફીટનેશ સર્ટીફીકેટમાં પણ /સ્પીડગર્વનર મેઇક,મોડેલ, ફીટમેન્ટ

તારીખ, સીરીયલ નંબર નોંધવાના રહેશે. દરેક ફીટનેશ વખતે આ બાબતની ખરાઇ કરવાની રહેશે. જયાં સુધી સોફ્ટવેરમાં સુધારો ન થાય ત્યાં સુધી મેન્યુઅલ રીતે રજીસ્ટર નિભાવવાનું રહેશે. પત્રકનો નમૂનો બિડાણ-૨ થી સામેલ છે.

:બી: જે ઉત્પાદકો ના સ્પીડ ગર્વનર ટાઇપ એપ્રુવલ સર્ટીફીકેટ ધરાવે છે અને વખતો વખતનું સીઓપી ધરાવે છે તેવા ઉત્પાદકોના સ્પીડ ગર્વનર માન્ય ગણાશે. વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીએથી આવા માન્ય ઉત્પાદકો અને માન્ય સ્પીડ ગર્વનરની યાદી વખતો વખત રીતે પરિપત્રીત કરવામાં આવશે. તથા વેબસાઇટ પર પણ મુકવામાં આવશે.

## ૬. જુના વાહનો માટે:-

તા.૧-૧૦-૨૦૧૫ પહેલા રજીસ્ટ્રેશન થયેલા ટ્રાન્સપોર્ટ વાહનો પૈકી રાજય સરકારે અગાઉ તા.૩-૮-૨૦૦૯ થી તત્કાલીન નિયમ-૧૧૮ મુજબ જાહેરનામું બહાર પાડી નીચે પ્રમાણેનાં વાહનો વર્ગીકૃત કરી તેમાં એઆઇએસ: ૦૧૮ સર્ટીફાઇડ સ્પીડ ગર્વનર ફીટ કરવાનું ઠરાવેલ છે.

૧. શૈક્ષણિક સંસ્થાના પોતાની માલીકીની ઓમની બસો.

૨. શૈક્ષણિક સંસ્થાઓ સાથે કરાર હેઠળ વપરાતી કોન્ટ્રાકટ કેરેજ ઓમની બસો.

૩. શૈક્ષણિક સંસ્થાઓ માટે વિદ્યાર્થીઓને લઇ જવા માટે વપરાતી ટેક્ષીકેબ/મેક્ષીકેબ.

આ વાહનના માલીકોએ માન્ય સ્પીડ ગર્વનરના ઉત્પાદક/અધિકૃત વિક્રેતા પાસે સ્પીડ ગર્વનર ફીટ કરાવી રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ સાથે સદર સ્પીડ ગર્વનરનું ટાઇપ એપ્રુવલ સર્ટીફીકેટ જોડવાનું રહેશે. તથા વાહન માલીકની સહી સાથે સ્પીડ ગર્વનર ફીટમેન્ટ સર્ટીફીકેટ (બિડાણ-૧) જોડવાનું રહેશે. આ સ્પીડ ગર્વનરનું ફીટમેન્ટ તથા નિયમ મુજબની પ્રીસેટ સ્પીડ કચેરીનાં તાંત્રીક અધિકારીએ સુનિશ્ચિત કરી તેની પર રજીસ્ટ્રીંગ ઓથોરીટીનું સીલ મારવાનું રહેશે. આ સ્પીડ ગર્વનરનું મેઇક, મોડેલ, ફીટમેન્ટ તારીખ વાહન સોફટવેરમાં /રિકર્ડમાં નોંધવાના રહેશે. જયાં સુધી સોફટવેરમાં સુધારો ન થાય ત્યાં સુધી મેન્યુઅલ રીતે રજીસ્ટર નિભાવવાનું રહેશે. પત્રકનો નમૂનો બિડાણ-૩ થી સામેલ છે. આ વાહનની પરમીટમાં પણ મેઇક, મોડેલ, ફીટમેન્ટ તારીખ અને સીરીયલ નંબર નોંધવાના રહેશે. તેમજ ફીટનેશ સર્ટીફીકેટમાં પણ /સ્પીડગર્વનર મેઇક,મોડેલ, ફીટમેન્ટ તારીખ, સીરીયલ નંબર નોંધવાના રહેશે. દરેક ફીટનેશ વખતે આ બાબતની ખરાઇ કરવાની રહેશે.

ફીટનેશ વખતે પણ આ બાબત સુનિશ્ચિત કરવાની છે.

**૭. તા.૧-૧૦-૨૦૧૫ પહેલાં રજીસ્ટર્ડ થયેલા વાહનોમાં ઉપરોકત પારા-૬ થી કેટેગરી સુનિશ્ચિત કરી દેવામાં આવેલ છે. છતાં વધુ કેટેગરી નકકી કરવા, રાજય સરકાર જે Categoris of Transport Vehicle નકક કરે તેવા વાહનોમાં સ્પીડ ગર્વનર લગાવવાનું રહેશે.**

આ સૂચનાઓનો ચુસ્ત રીતે અમલ કરવા જણાવવામાં રહશે.

નોંધ પર કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્ર તિ,

(૧) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી/ તમામ પ્રાદેશિક/ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી............................

(૨) મોટર વાહન નિરીક્ષકશ્રી ચેકપોસ્ટ. તમામ.

(૩) સંકલીત ફાઇલ.

:પુરબિયા:પરીપત્ર-૨૦૧૦:૯૩:

Akhil Gujarat Truck Transport Association
R· 12-1-16

GA/S/01-2

# SPEED GOVERNOR FITMENT CERTIFICATE

1 **Vehicles details**

1.1 Vehicle no. :-
1.2 Chassis no. :-
1.3 Engine no. :-
1.4 Type of vehicle :-
1.5 Make :-
1.6 Model :-
(RLW)
1.7 Registration date :-
1.8 Date of mfg. year :-
1.9 Last fitness date :-

2 **Vehicle owner details**

2.1 Name of owner :-
2.2 Address of owner :-

3 **If the speed Governor is fitted at dealer level (New Vehicle)**

3.1 Name of dealer :-
3.2 Address of dealer :-
3.3 Selling date of vehicle :-
3.4 Date of fitment of speed governor :-

4 **If speed governor fitted at vehicle manufacturer level (New Vehicle)**

4.1 Name of manufacturer of Vehicle :-
4.2 Name of manufacturer of Speed Governor :-

5 **If the speed Governor fitted by the operator through manufacturer or authorized dealer of speed governor in the vehicles registered prior to 1.10.2015.**

5.1 Name of manufacturer/authorized dealer :-
5.2 Date of fitment of speed governor :-
5.3 Approval date of fitment authorization issued by Commissioner of transport :-

6 **Speed Governor details**

6.1 Manufacturer name :-

6.2 Model name :-

6.3 Type of speed Governor :-

6. 4 Serial no. of Speed governor :-

6.5 Type of approval certificate date :-

6.6 Cop date :-

6.7 Approval & Validity date commissioner of Transport :-

6.8 Pre Set Maximum Speed (kmph.) :-

6.9 Fitment Date :-

6.10 Invoice Number Date. :-

6.11 Next Calibration Date. :-

**Undertaking**

This is to certify that the speed governor bearing the above details has been verified and properly fitted in the vehicle.
The tampering can not be caused with regard to the fitment of the speed governor.
I undertake that I will not remove the speed governor.
I am abide by the rules & regulations imposed by the transport department from time to time.

Signature of vehicle owner/Driver

Dealer Stamp/signature
or
Mfg.co Stamp/signature

Above mentioned details and pre set maximum speed verified and found OK. The Speed Governor has been officially sealed by the registering authority.

Signature
Motor Vehicle Inspector
Name :
Office:

Date:
Place:

*Strike out whichever is not applicable.

બિડાણ-૨.

## તા.૧-૧૦-૧૫ ના રોજ કે ત્યારબાદ ઉત્પાદીત થયેલા ટ્રાન્સપોર્ટ વાહનોમાં સ્પીડ ગર્વનરના ફીટમેન્ટ માટે નિભાવવાના રજીસ્ટરનો નમૂનો.

| ક્રમ | વાહનનો રજી.નંબર સાથે એન્જન-ચેસીસ નંબર | વાહનનું મેઈક અને મોડલ | વાહનનો વર્ગ/ટાઈપ | સ્પીડ ગર્વનર ઉત્પાદકનું નામ | વાહનના ડીલરનું નામ | સ્પીડ ગર્વનરનો સીરીયલ નંબર | સ્પીડ ગર્વનર ફીટમેન્ટ કયા લેવલ પર થયુ? ઉત્પાદક કે ડીલર? | પ્રીસેટસ્પીડ | રજીસ્ટ્રેશન વખતે ચેક કર્યા તારીખ | રજીસ્ટ્રેશન ઓથોરીટીનું સીલ માર્યા તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

## બિડાણ-૩.

## તા.૧-૧૦-૧૫ ના રોજ કે તે પહેલા રજીસ્ટર થયેલા ટ્રાન્સપોર્ટ વાહનોમાં સ્પીડ ગર્વનરના ફીટમેન્ટ માટે નિભાવવાના રજીસ્ટરનો નમૂનો.

| [illegible] | [illegible] રજી.નંબર સાથે એન્જીન- ચેસીસ નંબર | વાહનનું મેઇક અને મોડલ | વાહનનો વર્ગ/ટાઇપ | સ્પીડ ગર્વનર ઉત્પાદકનું નામ | વાહનના ડીલરનું નામ | સ્પીડ ગર્વનરનો સીરીયલ નંબર | સ્પીડ ગર્વનર ફીટ કરનાર ઉત્પાદક/અધિકૃત વિક્રેતાનું નામ-સરનામું. | ફીટમેન્ટ થયા તારીખ | પ્રીસેટ સ્પીડ | સીલ માર્યા તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |